## બહેનના લગ્ન માટે લીધેલા ઉછીનાના ટેન્શનમાં યુવકનો આપઘાત

સુરતઃ મૂળ ઓરિસ્સા ગંજામના વતની પપ્પુના અખિલતા નાયક (30 વર્ષ) હાલ લિંબાયત વિસ્તારમાં આવેલા નવાનગરમાં રહેતા હતા. તે રીબીન બનાવવાના કારખાનામાં કામ કરતા હતા. કાલે રાત્રે પપ્પુનાએ ઘરમાં લોખંડના હૂક સાથે દોરી બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં પપ્પુનાની બહેનના એક વર્ષ પહેલાં લગ્ન હોવાથી 2 લાખ રૂપિયા ઉછીના લીધા હતા. જે પરત નહિ અપાતા ટેન્શનમાં આ અંતિમ પગલું ભર્યું હોવાનું બહાર આવ્યું હતું.

## ગોડાદરામાં પાંચ વર્ષથી બેકાર બનેલા યુવકે ફાંસો ખાધો

સુરતઃ મૂળ મહારાષ્ટ્રના વતની સમાધાન અમૃત પાટીલ (ઉ.વ.38) હાલ ગોડાદરા વિસ્તારમાં આવેલ માનસરોવર આવાસમાં પરિવાર સાથે રહેતો હતો. તે છેલ્લા પાંચ વર્ષથી કોઈ કામધંધો કરતો ન હતો. તેને નશો કરવાની કુટેવ હતી. તેની પત્ની અન્ય ઘરોમાં કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. કાલે રાત્રે સમાધાને ઘરે લોખંડના હૂક સાથે સાડી બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં સમાધાને બેકારીના કારણે આ અંતિમ પગલું ભર્યું હોવાનું બહાર આવ્યું હતું.

## ચેક બાઉન્સ કેસમાં કાપડ વેપારીને 12 મહિનાની જેલ

સુરતઃ ચેક બાઉન્સના કેસમાં પ્રીત ફેશનના પ્રોપ્રાઇટર મૌલિક અરવિંદભાઈ પટેલને દોષિત ઠેરવી ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટએ 12 મહિનાની સાદી કેદની સજા ફટકારી હતી. કોર્ટએ ત્રણેય ચેકની કુલ રૂ.94,635ની રકમ વ્યાજ સાથે ફરિયાદી વેપારીને વળતર તરીકે ચૂકવવાનો હુકમ કર્યો છે. સાડી-કાપડના વેપારી ફરિયાદી દિનેશકુમાર પાસેથી આરોપીએ કાપડનો માલ ખરીદ્યા બાદ ચૂકવણી માટે રૂ.31,545ના ત્રણ ચેક આપ્યા હતા. જે ચેક રિટર્ન થતાં ફરિયાદીએ કોર્ટમાં ફરિયાદ કરી હતી.

## ઓનલાઈન ટ્રેડિંગ ફ્રોડ કેસમાં આરોપીને જામીન

સુરતઃ પાંડેસરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ઓનલાઈન ટ્રેડિંગ છેતરપિંડીના કેસમાં આરોપી આકાશ પટેલ (ભોપાલ)ને સેશન્સ કોર્ટે જામીન મુક્ત કરવાનો આદેશ કર્યો હતો. ફરિયાદીને શેર બજારમાં રોકાણ કરી મોટો નફો કમાવવાની લાલચ આપી DHAN GURU નામની બનાવટી ટ્રેડિંગ એપ્લિકેશન ડાઉનલોડ કરાવવામાં આવી હતી અને લાખો રૂપીયા પડાવી લીધાનો આરોપ હતો. આરોપીએ એડવોકેટ નિલેશ વઘાસીયા મારફતે જામીન અરજી રજુ કરી હતી. બચાવ પક્ષની રજૂઆત ગ્રાહ્ય રાખી કોર્ટે આરોપીને જામીન મુક્ત કર્યાં હતાં.

# બેન્ક કર્મચારીઓની જડબેસલાક હડતાળ

**કર્મચારી-અધિકારીઓ જોડાયા, સુરતમાં રૂ.5 હજાર કરોડથી વધુના વ્યવહારો ખોરવાયા**


તસવીર : સતીષ જાદવ

સુરતઃ સપ્તાહમાં પાંચ દિવસની બેન્કિંગ સિસ્ટમ લાગુ કરવાની માંગ સહિત વિવિધ પડતર પ્રશ્નોના નિરાકરણ માટે યુનાઈટેડ ફોરમ ઓફ બેન્ક યુનિયન્સ (UFBU) અને ગુજરાત બેંક વર્કર યુનિયન દ્વારાના આહવાન પર શુક્રવારે રાજ્ય અને દેશવ્યાપી હડતાળ યોજાઈ હતી. સુરતમાં બેન્ક ઓફ બરોડા, ઘોડદોડ રોડ ખાતે સવારે 10થી સાંજે 10 વાગ્યા સુધી દેખાવો અને સૂત્રોચ્ચારનો કાર્યક્રમ યોજાયો હતો, જેમાં અંદાજે 750થી 800 બેન્ક કર્મચારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સુરત શહેરમાં અંદાજે 7,000 કર્મચારી અને અધિકારી હડતાળમાં જોડાતા બેન્કિંગ સેવાઓને વ્યાપક અસર થઈ હતી. યુનિયન અગ્રણીઓ બી.એમ. ચાવડા અને સંજીવ દલાલ, સુરત ટ્રેડ યુનિયન કાઉન્સિલના પ્રેસિડેન્ટ વિજય શેણમારે, જયમીન દેસાઈ સહિતના આગેવાનોની આગેવાની હેઠળ કર્મચારીઓએ સરકારની નીતિઓ સામે ઉગ્ર સૂત્રોચ્ચાર કર્યા હતા. યુનિયનના જણાવ્યા મુજબ સુરતમાં રૂ.5,000 કરોડથી વધુના બેન્કિંગ વ્યવહારો ખોરવાયા હતા.

બેન્ક ઓફ બરોડા યુનિયનના અગ્રણી બી.એમ.ચાવડાએ જણાવ્યું હતું કે, આજની બેન્ક હડતાળ જડબેસલાક રહી હતી. કર્મચારીઓની મુખ્ય માંગણી સન્માન અને પ્રતિબદ્ધતા સાથે પાંચ દિવસની બેન્કિંગ વ્યવસ્થા લાગુ કરવાની છે. યુનિયનોના જણાવ્યા મુજબ 8 માર્ચ, 2024ના 12મા દ્વિપક્ષીય વેતન સમજૂતી/9મી સંયુક્ત નોંધમાં IBA દ્વારા સોમવારથી શુક્રવાર સુધી પાંચ દિવસની બેન્કિંગ વ્યવસ્થા શરૂ કરવાની સંમતિ આપી સરકારને ભલામણ કરવામાં આવી હતી. બે વર્ષથી વધુ સમય વીતી ગયો હોવા છતાં સરકાર સ્તરે નિર્ણય પેન્ડિંગ હોવાનું યુનિયનોનું કહેવું છે.

### કેડર માટે સમાન ધોરણે PLI હોવો જોઈએ

સરકારની એકપક્ષીય અને ભેદભાવપૂર્ણ PLI યોજના પાછી ખેંચવા અથવા તેનો અમલ મુલતવી રાખવા યુનિયનો આગ્રહ કરી રહ્યા છે. યુનિયનોનો આક્ષેપ છે કે IBA સાથેની સમજ મુજબ બેન્કના સમગ્ર પ્રદર્શનના આધારે તમામ કેડર માટે સમાન ધોરણે PLI હોવો જોઈએ. તેના બદલે સ્કેલ-IV અને તેનાથી ઉપરના અધિકારીઓ માટે વ્યક્તિગત કામગીરી આધારિત અલગ PLI યોજના લાવવામાં આવી છે.

### બેન્ક કર્મચારીઓમાં ભેદભાવ અને અસંતોષ વધ્યો

યુનિયનોના જણાવ્યા મુજબ આ વ્યવસ્થામાં સ્કેલ-IV અને તેનાથી ઉપરના અધિકારીઓને 365 દિવસ સુધીના મૂળ પગારના આધારે PLI મળી શકે છે, જ્યારે સ્કેલ-III સુધીના કર્મચારીઓ અને અધિકારીઓ માટે મહત્તમ 15 દિવસના મૂળ પગાર તથા DA જેટલું પ્રોત્સાહન રહે છે. આથી બેન્ક કર્મચારીઓમાં ભેદભાવ અને અસંતોષ વધ્યો હોવાનો યુનિયનોનો દાવો છે. યુનિયનો દ્વારા બાકી રહેલા પેન્શન સુધારા, તમામ પેન્શનરો માટે સમાન DA ફોર્મ્યુલા, NPS કર્મચારીઓને OPSમાં સ્વિચ કરવાની તક સહિતના મુદ્દાઓના નિરાકરણની પણ માંગ કરવામાં આવી છે.

## ઓફિસમાં લાગેલી આગ ઓલવવા જતાં એડ્વોકેટના હાથ દાઝી ગયા

**અડાજણ, સ્કારલેટ મોલમાં એડવોકેટ નૈતિક ગોલીવાળાની ઓફિસમાં એસીમાં શોર્ટ સર્કિટ થતાં આગ લાગી**

સુરતઃ શહેરના અડાજણ વિસ્તારમાં પ્રાઈમ આર્કેડ સામે આવેલા સ્કારલેટ મોલમાં આજે સવારે એડવોકેટની ઓફિસમાં શોર્ટ સર્કિટના કારણે લાગેલી આગને ઓલવવાના પ્રયાસમાં ઓફિસના માલિક એડવોકેટ નૈતિક ગોલીવાળાના બંને હાથ દાઝી જતાં તેમને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

મોરાભાગળના સબ ફાયર ઓફિસર હરેન્દ્ર ભગવાકરે જણાવ્યું હતું કે, સવારે 8 કલાકે સ્કારલેટ મોલની દુકાન નંબર-20માં આગ લાગી હોવાનો કોલ મળ્યો હતો. જાણ થતાં મોરાભાગળ ઉપરાંત અડાજણ અને પાલનપુર ફાયર સ્ટેશનનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યો હતો અને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી.

પ્રાથમિક તપાસમાં ઓફિસના એસીમાં શોર્ટ સર્કિટ થવાને કારણે આગ લાગી હોવાનું સામે આવ્યું હતું. આગના કારણે ઓફિસમાં રહેલું ફર્નિચર તેમજ દસ્તાવેજોનો જથ્થો બળી ગયો હતો. આગની જાણ થતાં એડવોકેટ નૈતિક ગોલીવાળા પણ સ્થળ પર પહોંચ્યા હતા.

ફાયર બ્રિગેડ પહોંચે તે પહેલાં તેમણે આગ ઓલવવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન બંને હાથ દાઝી જતાં તેમને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં સારવાર માટે મોકલી આપવામાં આવ્યા હતા.

ફાયર બ્રિગેડની ટીમે સમયસર કામગીરી હાથ ધરતાં આગને અન્ય દુકાનોમાં ફેલાતી અટકાવી દેવામાં આવી હતી. સદનસીબે આગની ઘટનામાં અન્ય કોઈ વ્યક્તિને ઈજા થઈ ન હતી.

## પત્ની સાથે ઝઘડો કરી પતિએ ઘરવખરી રસ્તા પર સળગાવી

**કાપોદ્રામાં છેલ્લા એક મહિનાથી અલગ રહેતા પતિએ અચાનક ઘરે આવી ગાળાગાળી કરી તોડફોડ મચાવી**

**ઘરને પણ સળગાવવાનો પ્રયાસ કરતાં ફાયર બ્રિગેડે દોડી આવી આગ કાબૂમાં લીધી**

સુરતઃ કાપોદ્રામાં ઘરકંકાસમાં પતિએ ઘરનો સામાન બહાર કાઢીને રસ્તા પર મૂકી તેમાં આગ લગાડી દીધી હતી.

કાપોદ્રા, ક્રિષ્નાનગરમાં ૫૦ વર્ષીય દક્ષાબેન ઘનશ્યામભાઈ પરમાર તેમના બે પુત્રો જયેશ (ઉં.વ.૨૯) અને રવિ (ઉં.વ.૨૨) સાથે રહે છે. દક્ષાબેનના પતિ ઘનશ્યામભાઈ છેલ્લા એકાદ માસથી પરિવારથી અલગ રહેતા હતા. સે ૧૦મી સપ્ટેમ્બરે સવારે દસેક વાગ્યે પણ ઘનશ્યામભાઈએ ફરીથી ઘરે આવી પત્ની અને પુત્રો સાથે ગાળાગાળી કરી હતી. ત્યારબાદ બપોરે બારેક વાગ્યાની આસપાસ તો તેઓએ ઘરમાં તોડફોડ શરૂ કરી દીધી હતી. ગુસ્સામાં આવીને ઘનશ્યામભાઈએ ઘરનું રાચરચીલું ઘરની બહાર કાઢ્યો હતો. ત્યારબાદ આ તમામ સામાનને એકઠો કરી તેમાં આગ લગાડી દીધી હતી. આટલેથી ન અટકતાં તેમણે ઘરમાં રહેલો ગેસનો ચૂલો અને ફર્નિચર તોડી નાંખી ઘરને પણ સળગાવવાનો પ્રયાસ કર્યો હતો. ઘટના સ્થળે દોડી આવેલા ફાયર બ્રિગેડના જવાનોએ આગ પર કાબૂ મેળવ્યો હતો દક્ષાબેને અંતે કાપોદ્રા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

## સ્મીમેર, મસ્કતિ સહિત તમામ હેલ્થ સેન્ટરમાં 10 રૂપિયામાં દવા મળશે

**દવા ગમે તેટલી મોંઘી હોય, મનપાના સ્ટોરમાં ઉપલબ્ધ હશે, રોજની દવા માત્ર 10 રૂપિયામાં મળશે, 1605 દવાની ખરીદીને તંત્રની લીલી ઝંડી**

### સ્મીમેરમાં ખાનગીને બદલે કેન્દ્રીય ઔષધ ભંડાર ખૂલશે

સ્મીત લોઢાએ જણાવ્યું હતું કે, હાલમાં ચાલતા ખાનગી મેડિકલ પર બ્રેક લગાવી મહાપાલિકા હવે સ્મીમર હોસ્પિટલમાં કેન્દ્ર સરકારની એજન્સી કેન્દ્રીય ઔષધ ભંડાર ખોલવા જઇ રહી છે, આ સ્ટોરમાં જેનરિક અને બ્રાન્ડેડ જેનરિક દવા અને નોનજેનરિક દવા એક જ જગ્યાએ ઉપલબ્ધ થશે, દર્દીઓની સવલત માટે અલગ અલગ સ્ટોલ બનાવાશે, દવાના ભાવ પર મનપાનું મોનિટરિંગ રહેશે અને નોન જેનરિક દવાઓમાં પણ ઔષધ ભંડાર દ્વારા બહારના ભાવ કરતાં 22 ટકાથી વધુની રાહત આપવામાં આવશે.

સુરતઃ મનપા સંચાલિત સ્મીમેર અને મસ્કતિ સહિત મનપાની તમામ હોસ્પિટલ્સમાં સારવાર માટે આવતા તમામ દર્દીઓને દરેક દિવસની દવા માત્ર દસ રૂપિયામાં ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા ઊભી કરવામાં આવી રહી છે.

સ્મીમેરના ઓએસડી ડેપ્યુટી કમિશનર લોઢાએ જણાવ્યું હતું કે, છેલ્લા આઠ મહિનાથી દવા, ગ્લોઝ, ઇન્જેક્શન સહિત વિવિધ એસેસરીઝનું ટેન્ડર વિવિધ કારણોસર પેન્ડિંગ હતું. દવાના રેટ અને ટેન્ડરના એનાલિસિસમાં વિલંબ થતાં આવું થયું હતું. પરંતુ હવે જે-જે દવાઓ ખરીદવાની હતી તેના વન-ટુ વન એનાલિસિસ કરીને શુક્રવારે કમિટીની મિટિંગમાં 1605 આઇટમ જેમાં અલગ અલગ દવાઓ, ગ્લોઉઝ, ઈન્જેક્શન, વેનફ્લો સહિત ખરીદી અપ્રુવ કરી દેવાઇ છે. જે પૈકી 34.94 કરોડની 1481 દવા ખરીદી માટે ટેન્ડર મંજૂર કરી સ્થાયી સમિતિમાં મોકલી અપાયું છે. જ્યારે 124 આઇટમ સિંગલ ટેન્ડર કે ભાવ વધારે જણાતાં તેને એનાલિસિસ માટે આરબીઆઇ કમિટીને રિવ્યુ માટે મોકલી અપાઇ છે. જેના કારણે આગામી દિવસોમાં ખૂબ ઓછા ભાવે દર્દીઓ અને તેના સ્વજનોને દવાઓ મળી રહેશે.

## પત્ની પાસે ‘પાર્ટનર સ્વોપિંગ’ની માંગ કરી પતિએ ઢોર માર માર્યો

**કતારગામની પરિણીતાને સાસરિયાએ પુત્ર સાથે ઘરમાંથી કાઢી મૂકી**

સુરતઃ પવિત્ર અગ્નિની સાક્ષીએ સાત ફેરા ફરીને જેની સાથે સંસાર માંડ્યો હતો, તે જ પતિ વિકૃત માનસિકતાનો ભોગ બનતાં એક પરિણીતાની જિંદગી નરક બની ગઈ છે. સુરતના કતારગામ વિસ્તારમાં પરિણીતા સાથે પતિ તથા સાસરિયાંએ આચરેલી અમાનુષી ક્રૂરતા અને વિકૃતિનો અત્યંત ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. પત્ની પાસે ‘પાર્ટનર સ્વોપિંગ’ (પત્નીઓની અદલાબદલી)ની માંગણી કરી શારીરિક-માનસિક ત્રાસ આપ્યા બાદ, ૧૩ તોલા સોનાના દાગીના પચાવી પાડી પરિણીતાને માસૂમ બાળક સાથે ઘરબહાર હાંકી કાઢવામાં આવી છે.

કતારગામ વિસ્તારમાં પિતા સાથે રહેતી પાયલબેન (નામ બદલ્યું છે) (ઉં.વ.૩૦)નાં લગ્ન વર્ષ-૨૦૧૮માં સમાજના રીત-રિવાજ મુજબ સંદીપ મુકેશભાઈ મિયાણી સાથે થયાં હતાં. લગ્ન વખતે પિતાએ ક્ષમતા મુજબ કરિયાવર તથા ૧૩ તોલા સોનાના દાગીના આપ્યા હતા. લગ્ન બાદ ચાર વર્ષના પુત્ર કૃષ્ણનો જન્મ થયો હતો. ત્યારબાદ સાસુ-સસરા અને પતિએ ‘તને ઘરનું કામ નથી આવડતું’ તેમ કહી મેણાં-ટોણાં મારી ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું. દરમિયાન પાયલબેનને જાણવા મળ્યું હતું કે, પતિ સંદીપને અન્ય ૫ થી ૬ સ્ત્રીઓ સાથે અનૈતિક સંબંધો છે અને તેના વિડીયો પણ તેમની પાસે છે. વિરોધ કરતાં પતિએ ‘મોં બંધ રાખજે નહીંતર જીવ ખોવાનો વારો આવશે’ તેવી ધમકી આપી હતી. હદ તો ત્યારે થઈ જ્યારે પતિએ પત્ની પાસે અનૈતિક અને વિકૃત એવી ‘પાર્ટનર સ્વોપિંગ’ની માંગ કરી હતી. પતિની આવી વિકૃત માંગણીનો પાયલબેને સખત વિરોધ કર્યો ત્યારે પતિએ તેમને ઢોર માર માર્યો હતો. પીડિતાએ આ અંગે પોતાના દિયર ધવલ અને દેરાણી ધ્રુવીને ફરિયાદ કરી ત્યારે તેઓએ પણ પતિનો પક્ષ લેતાં શરમજનક નિવેદન આપ્યું હતું કે, ‘આજના આધુનિક સમયમાં આવી પાર્ટીઓ અને પાર્ટનર સ્વોપિંગ તો કોમન છે, તેમાં કંઈ ખોટું નથી.’ આમ આખું સાસરું એકસંપ થઈ અત્યાચાર ગુજારવા લાગ્યું હતું.

## ડુમસ સી-ફેસ નજીક દરિયામાં નાહાવા પડેલો કિશોર તણાઈ ગયો

**સાથે આવેલો યુવાન ભાગી છૂટ્યો, ફાયરે 3 કલાક શોધખોળ કરી પરંતુ દરિયામાં કિશોર મળ્યો નહીં**



સુરતઃ ડુમસ સી-ફેસ ખાતે શુક્રવારે બપોરે દરિયામાં નહાવા પડેલા બે કિશોરો પૈકી એક કિશોર ભરતીના પૂરઝડપી પ્રવાહ અને ભારે કરંટમાં તણાઈ ગયો હતો. ઘટના બપોરે આશરે 2 વાગ્યાના સુમારે બની હતી. બે કિશોરો દરિયાના પાણીમાં નહાઈ રહ્યા હતા ત્યારે અચાનક આવેલી ભરતીના કારણે પાણીનો પ્રવાહ વધતાં એક કિશોર ઊંડા પાણીમાં ગરકાવ થવા લાગ્યો હતો. સાથી મિત્રને આંખો સામે જ ડૂબતો જોઈ સાથે રહેલો અન્ય કિશોર ભારે ગભરાઈ ગયો હતો અને ગભરાટમાં કિનારે દોડી આવ્યા બાદ ડરના માર્યા સ્થળ પરથી નીકળી ગયો હતો. બનાવ અંગે સ્થાનિકોને જાણ થતાં જ તેમણે તુરંત ફાયર કંટ્રોલ રૂમને ઘટનાની માહિતી આપી હતી.

ઘટનાની જાણ થતાં જ વેસુ ફાયર સ્ટેશનની ટીમ અને સબ ફાયર ઓફિસર રોહિત ખલાસીનો કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયો હતો. ફાયર વિભાગની ટીમે બોટ તેમજ અન્ય બચાવ સાધનોની મદદથી દરિયામાં વ્યાપક સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. આશરે 3 કલાક સુધી સતત શોધખોળ ચલાવવા છતાં મોડી સાંજ સુધી તણાયેલા કિશોરનો કોઈ પત્તો મળી શક્યો ન હતો. બીજી તરફ, ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસનો કાફલો પણ ડુમસ સી-ફેસ ખાતે દોડી આવ્યો હતો. પોલીસે આસપાસના વિસ્તારોમાં ગુમ થયેલા કિશોરો અંગે તપાસ આદરી છે અને તણાયેલા કિશોરના પરિવારજનોની ઓળખ કરી તેમનો સંપર્ક સાધવા માટે તંત્ર દ્વારા સઘન પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

## લિફ્ટના પેસેજમાં માથું નાખીને જોવા જતા કામદારનું માથું ફસાઈ જતાં મોત

સુરતઃ મૂળ UPના પ્રયાગરાજના વતની 48 વર્ષીય કનૈયાલાલ રામ પદારથ હાલ વેડરોડ વિસ્તારમાં પરિવાર સાથે રહેતા હતા અને તે વસ્તાદેવડી રોડ પર આવેલી પ્રવિણ ટેક્સટાઈલ પ્રિન્ટિંગ વર્ક્સ મીલમાં કામ કરતા હતા. આજે કનૈયાલાલ નોકરી પર હાજર હતા. તેઓ બીજા માળે લિફ્ટ પાસે ઊભા હતા. ત્યારે લિફ્ટ ઉપરના માળેથી નીચે આવી રહી હતી. આ દરમિયાન કનૈયાલાલે લિફ્ટના પેસેજમાં માથું નાખીને અંદર જોવા જતા લિફ્ટ સાથે તેમનું માથું અથડાયું હતું અને તેઓ લિફ્ટમાં ફસાઈ ગયા હતા. અકસ્માતમાં લિફ્ટ પણ અટકી જતાં આસપાસના કામદારો દોડી આવ્યા હતા. સાથી કામદારોએ કનૈયાલાલને બહાર કાઢી ગંભીર ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર માટે સ્મીમેર ખસેડ્યા હતા. જ્યાં, સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું.


**દક્ષિણ ગુજરાત વિજ કંપની લિમિટેડ**
CIN U40102GJ2003SGC042909
**પાંડેસરા વિભાગીય કચેરી**
બાટલીબોય કંપનીની સામે, ઉધના-નવસારી રોડ, પાંડેસરા, સુરત-૩૯૫૦૨૩
DGVCL

**ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ અથવા ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩**

વીજ પ્રવાહ બંધ રહેવા અંગે ની જાહેરાત

આથી અમારા માનવતા વીજ ગ્રાહકોને જણાવવાનું કે, નીચે દર્શાવેલ સબસ્ટેશનમાં તથા ફીડરો માં જરૂરી સમારકામ કરવાનું હોવાથી નીચે જણાવેલ તારીખે જે તે ફીડરો તથા સબ સ્ટેશન માં વીજપ્રવાહ બંધ રહેશે

| ક્રમ | સબ-સ્ટેશન | ફીડર | સબ-ડિવિઝન | ફોલ્ટ સેન્ટર નં. | તારીખ | સમય |
|---|---|---|---|---|---|---|
| 1 | ૬૬ કેવી પાંડેસરા-બી | ૨૨ કેવી જય હનુમાન | પાંડેસરા | ૧૯૧૨૩ | ૧૪.૦૯.૨૦૨૬ | ૧૦:૦૦ થી ૧૮:૦૦ |
| 2 | ૬૬ કેવી ગોડાદરા ૨ | ૨૨ કેવી પર્વત | ગોડાદરા | ૧૯૧૨૩ | ૧૫.૦૯.૨૦૨૬ | ૧૦:૦૦ થી ૧૪:૩૦ |
| 3 | ૬૬ કેવી દેલાડવા | ૧૧ કેવી સાઈ | ડીંડોલી | ૧૯૧૨૩ | ૧૭.૦૯.૨૦૨૬ | ૧૦:૦૦ થી ૧૪:૩૦ |
| 4 | ૬૬ કેવી પાંડેસરા-બી | ૨૨ કેવી તિરુપતિ | પાંડેસરા | ૧૯૧૨૩ | ૧૮.૦૯.૨૦૨૬ | ૧૦:૦૦ થી ૧૮:૦૦ |

કાર્યપાલક ઈજનેર
દ.ગુ.કં.લી.પાંડેસરા વિભાગીય કચેરી

એમ.સી.બી./ઇ.એલ.સી.બી./આર.સી.સી.બી. લગાવી વીજળી ના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો.


## ભત્રીજાને મળવા આવેલા વૃદ્ધને રોડ ક્રોસ કરતી વખતે બાઈકે અડફેટે લેતા મોત

સુરતઃ મહારાષ્ટ્રના જલગાવના વતની ઈશ્વરભાઈ હાન્ડુ રાજપુત (60 વર્ષ) મજૂરી કામ કરતા હતા. તેઓને સંતાનમાં બે પુત્ર અને એક પુત્રી છે. આશરે દસેક દિવસ પહેલાં તેઓ સુરતના ડીંડોલી-સણીયા કણદે વિસ્તારમાં સગુન રેસિડેન્સીમાં રહેતા ભત્રીજાને મળવા આવ્યા હતા. દરમિયાન કાલે રાત્રે તેઓ ઘર નજીક ગુટખા લેવા પગપાળા નીકળ્યા હતા. મધુરમ પાર્ટી પ્લોટ પાસે રસ્તો ક્રોસ કરતી વખતે બાઈક ચાલકે તેમને ટક્કર મારી હતી. ગંભીર ઈજાઓ થતાં ઈશ્વરભાઈને સારવાર માટે સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.


**ગુજરાત રાજ્ય**
**નર્મદા જળસંપતિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**
**દમણગંગા નહેર સંશોધન વિભાગ વલસાડ**

જાહેર નિવિદા નં.૦૯ સને ૨૦૨૬-૨૭ ઓન-લાઇન ઇ-ટેન્ડર કાર્યપાલક ઇજનેર, દમણગંગા નહેર સંશોધન વિભાગ, વલસાડ તરફથી જાહેર બાંધકામ વિભાગ હેઠળના “ઈ-૧” વર્ગ તથા તેની ઉપરની શ્રેણીમાં સીવીલ વર્ક માટે રજીસ્ટ્રેશન ધરાવતા ઇજારદારશ્રીઓ પાસેથી નીચે મુજબના વલસાડ જિલ્લાના વલસાડ તાલુકાના કામોને માટે સ્ટાન્ડર્ડ બીડ ડોક્યુમેન્ટમાં ઓનલાઇન ટેન્ડર મંગાવવામાં આવે છે.
(૧) ઓપરેશન મેઇન્ટેનન્સ એન્ડ રીપેર્સ ઓફ ઓલ સિવિલ, ઇલેક્ટ્રીકલ, ઇલેક્ટ્રોનીક એન્ડ મેકેનિકલ વર્કસ વાલ્વસ, સિવિલ સ્ટ્રકચર્સ એન્ડ ઇન્ક્લુડીંગ પ્રોપર સ્પલાય ઓફ વોટર ટુ ઓલ આઉટલેટ્સ એટ એમ.ડી.સી.રીક્વાયર્ડ કમીંગ અન્ડર ચિંચાઇ લિફ્ટ ઇરીગેશન સ્કીમ તા.જી.વલસાડ વર્ષ-૨૦૨૬-૨૭ અંદાજિત કિંમત- રૂ.૪૩.૭૧ લાખ
(૨) ટેન્ડર ઓન લાઇન સબમીશન તા.૨૪/૦૯/૨૦૨૬ સમય ૧૮.૦૦ કલાક સુધી કરી શકાશે.
(૩) ટેન્ડર ખોલવાની તારીખ અને સમયઃ- ૨૫/૦૯/૨૦૨૬ સમય-૧૨.૦૦ કલાક
(૪) ડીટેઇલ ટેન્ડર નોટીસમાં જણાવેલ ડોક્યુમેન્ટ ઓનલાઇન અને ફીઝીકલ સબમીશન કરવાનાં રહેશે. ફીઝીકલ ડોક્યુમેન્ટ રજિ.પો.એ.ડી./સ્પીડપોસ્ટ મારફત તા.૦૧/૧૦/૨૦૨૬ સમયે ૧૮.૦૦ કલાક સુધીમાં સબમીશન કરવાના રહેશે. ડીટેઇલ ટેન્ડર નોટીસમાં જણાવેલ ડોક્યુમેન્ટ પૈકી કોઇ પણ ડોક્યુમેન્ટ રજુ કરેલ ન હશે તે એજન્સીનું ટેન્ડર માન્ય ગણવામાં આવશે નહી.
(૫) નામ અને સરનામું-
(૧) અધિક્ષક ઇજનેરશ્રીનું સરનામું
અધિક્ષક ઇજનેરશ્રી, દમણગંગા યોજના વર્તુળ, દમણગંગા ભવન, બીજો માળ, તા. જિ. વલસાડ
(૨) કા.ઇ.શ્રીનું સરનામુઃ-
કાર્યપાલક ઇજનેરશ્રી, દમણગંગા નહેર સંશોધન વિભાગ, વલસાડ.
દમણગંગા ભવન બીજો માળ, તા.જી.વલસાડ, ફોન નં.(૦૨૬૩૨) ૨૫૪૫૦૩
(૬) કામની વિગતવાર નોટીસ વેબસાઇટ https://tender.nprocure.com અને કચેરીના નોટીસ બોર્ડ ઉપર ઉપલબ્ધ રહેશે.
ન. માહિતી/વલસાડ/૩૮૫/૨૦૨૬



**ઉમરગામ નગરપાલિકા**
**ટેન્ડર નોટીશ**

ઉમરગામ નગરપાલિકા દ્વારા નીચેના કામો માટે ઓન લાઇન ટેન્ડરથી ભાવો મંગાવવામાં આવે છે. જેની વિગતો www.tender.nprocure.com તા. ૧૪-૦૯-૨૦૨૬ના રોજ થી તા.૨૨-૦૯-૨૦૨૬ ના રોજ ૧૭:૦૦ કલાક સુધી ભરી શકાશે.

| અ.નં. | કામનું નામ | (૧) અંદાજીત ખર્ચ (૨) ઈ.એમ.ડી. (૩) ટેન્ડર ફી (૪) ક્લાસ (૫) ગ્રાન્ટ નો હેડ |
|---|---|---|
| ૧ | (૧) વોર્ડ નં. ૩ માં કાકરીયામોરા મેઇન રોડ થી ESR ને જોડતા ડામર રોડ બનાવવાનું કામ, (૨) વોર્ડ નં.૩ માં ઉમરગામ નગરપાલિકા વિસ્તાર કાકરીયામોરા ઇન્ટરનલ ડામર રોડ બનાવવાનું કામ. (ત્રીજો પ્રયત્ન) | ૨૦,૯૪,૧૦૬.૦૦<br>૨૧,૦૦૦.૦૦<br>૨,૪૦૦.૦૦<br>"ડી" ક્લાસ અને તેના ઉપરની શ્રેણી<br>૧૫% વિવેકાધીન જોગવાઈ-૨૦૨૬-૨૭ |
| ૨ | ઉમરગામ નગરપાલિકામાં રોડ રીસર્ફેસીંગના વાર્ષિક (ત્રીજો પ્રયત્ન) | ૬૦,૦૦,૦૦૦.૦૦<br>૫૦,૦૦૦.૦૦<br>૨,૪૦૦.૦૦<br>"ડી" ક્લાસ અને તેના ઉપરની શ્રેણી<br>રોડ-રીસર્ફેસીંગ ગ્રાન્ટ/ વાર્ષિક ભાવ |

નોંધ :- બાનાની રકમ તથા ટેન્ડર ફીનો ડી.ડી. અને જરૂરી ડોક્યુમેન્ટ તા.૨૮-૦૯-૨૦૨૬નાં રોજ બપોરે ૧૬:૦૦ કલાક સુધીમાં નગરપાલિકા કચેરીએ રજી.પોસ્ટ એડી/કુરીયર થી પહોંચતા કરવાના રહેશે. તેમજ સ્કેન કોપી ટેન્ડર સાથે અપલોડ કરવાની રહેશે. ટેન્ડર ઓપન કરવાની (સંભવિત) તા.૨૯-૦૯-૨૦૨૬ના રોજ ૧૬:૦૦ કલાક રહેશે. ટેન્ડરનાં તમામ હક્કો નગરપાલિકાને અબાધિત રહેશે.
નોંધ :- ઠેકેદારે પોતાનો ઈ.પી.એફ. નંબર ફરજીયાત લખવાનો રહેશે. જેની નકલ ડોક્યુમેન્ટ સાથે જોડવાની રહેશે. સરકારશ્રીનાં નિયમ મુજબ જી.એસ.ટી. લાગું પડશે.

ગૌરવભાઈ સી. કોન્ટ્રાક્ટર, કારોબારી ચેરમેન, ઉમરગામ નગરપાલિકા
ખુશ્બુબેન એસ. જાદવ, પ્રમુખ, ઉમરગામ નગરપાલિકા
એ.એચ. સિન્હા, ચીફ ઓફીસર, ઉમરગામ નગરપાલિકા
ન. માહિતી/વલસાડ/૩૮૮/૨૦૨૬



**નવસારી મહાનગરપાલિકા**
**E.Tender Notice No. 17 of 2026-2027**
Azadi Ka Amrit Mahotsav

નવસારી મહાનગરપાલિકા દ્વારા નીચે જણાવેલ કામો માટે રસ ધરાવતા ઈજારદારશ્રીઓ તરફથી ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી ટેન્ડરો મંગાવવામાં આવે છે. ટેન્ડર દસ્તાવેજો વેબ સાઈટ https://tender.nprocure.com ઉપર તા. ૧૪.૦૯.૨૦૨૬ થી તા. ૨૪.૦૯.૨૦૨૬ સુધી ૧૮.૦૦ કલાક સુધી જોવા મળી શકશે. ટેન્ડર ડાઉનલોડ કરવાની છેલ્લી તારીખ તા. ૨૪.૦૯.૨૦૨૬ સુધી ૧૮.૦૦ કલાક સુધીની રહેશે. ટેન્ડર માટેની ઈ.એમ.ડી., ટેન્ડર ફી તથા જરૂરી સાધનીક કાગળો તા. ૨૯.૦૯.૨૦૨૬ સુધીમાં મહાનગરપાલિકા કચેરીએ સ્પીડપોસ્ટ અથવા રજીસ્ટર એ.ડી.થી મળી જાય તે રીતે મોકલી આપવાના રહેશે. ટેન્ડર મંજુર કે નામંજુર કરવાની સત્તા મહાનગરપાલિકાની રહેશે.

| અ.નં | કામનું નામ | |
|---|---|---|
| ૧ | નવસારી મહાનગરપાલિકાના વિસ્તારમાં બસ સંચાલન માટે સર્વિસ બિઝનેસ પ્લાન, ઈન્ટિગ્રેટેડ પાર્કિંગ પ્લાન અને સ્ટ્રીટ વેન્ડિંગ પોલિસી સહિત Comprehensive Mobility Plan (CMP) તૈયાર કરવાની કામગીરી | ૧) ટેન્ડર ફી - રૂ. ૧૫૦૦/-<br>૨) ઈ.એમ.ડી. - રૂ. ૧,૦૦,૦૦૦/- |

---/SD/---
કમિશનર
નવસારી મહાનગરપાલિકા
માહિતી/નવસારી/303 /૨૦૨૬